અપીલ અરજી નં.૯૪ તા.૨–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી યુઝ ટેબલ ઝોન ૧–૨–૩ મુજબ સુરત મહાનગરપાલિકાના રહેઠાણવાળા વિસ્તારમાં કોઈ પણ નાગરિક અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીનો નાંખી કારખાના ચલાવી શકે નહીં તો પછી બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતના માલિક અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીનો નાંખી પાછળના ભાગે કારખાના ચાલાવે છે તે બંધ કરવાની જવાબદારી કોની તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૪/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી યુઝ ટેબલ ઝોન ૧–૨–૩ મુજબ સુરત મહાનગરપાલિકાના રહેઠાણવાળા વિસ્તારમાં કોઈ પણ નાગરિક અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીનો નાંખી કારખાના ચલાવી શકે નહીં તો પછી બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતના માલિક અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીનો નાંખી પાછળના ભાગે કારખાના ચાલાવે છે તે બંધ કરવાની જવાબદારી કોની તેની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમય ગાળામાં પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૧૫–૭–૦૯ થી પુનઃ અરજી ધ્વારા અપીલ તબકકે રજૂઆત કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૩ તા.૮–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને સ.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૭ તા.૨૦–૭–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જેમાં અરજદારને સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૮૭ તા.૩૦–૬–૦૯ ના રોજ પૂરી પાડેલ માહિતીની નકલ તેની નોંધ વિભાગ તથા તા.૪–૧૦–૮૫નું વાણિજય મંત્રાલય ભારત સરકાર તરફથી જરી ઉદ્યોગ અને જરી વસ્તુઓને હસ્તકલામાં વર્ગીકૃત કરતું પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ છે. પરંતુ અરજદારે તા.૧૫–૭–૦૯ ની અરજીથી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૮૭ તા.૩૦–૬–૦૯ થી અરજદારને આપેલ માહિતીની નકલ ,સુરત શહેર વિકાસ સત્તા મંડળ સુરત તરફથી ઝોનીંગ સર્ટીફીકેટ,શહેર વિકાસ તરફથી નં.ટીડીઓ/૩૬૧૪ તા.૨૫–૧૧–૦૮ થી આપેલ યુઝ ટેબલની નકલ, કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી ફેકટરી ચલાવવાની પરવાનગી અરજદાર તરફથી માંગેલ નથી તે અંગેની નકલ ,આસી. કમિશનર અને જાહેર માહિતી અધિકારી તરફથી બીપીએસી એકટની કલમ–૩૧૩ મુજબ કારખાના બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની હોવાનું જણાવતાં પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૫૬૭ તા.૨૪–૯–૦૭ ની નકલ, તા૧૨–૫–૦૯ ની સંદેશમાં પ્રસિધ્ધ થયેલ સુરત મહાનગરપાલિકાની રહેણાંક મકાનોમાં કરવામાં આવતી બિન અધિકૃત ન્યુસન્સ/ઉપદ્રવ કારક પ્રવૃતિ બંધ કરવા બાબતની જાહેર નોટીસનું ન્યુઝ પેપર કટીંગ વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૧૬૫ બાબતે ટીડીઓ/૯૬ તા.૧૮–૨–૮૨ થી શહેર વિકાસ અધિકારીએ આપેલ રહેઠાણ વિસ્તારોમાં ઐદ્યૈગિક ઉપયોગ બંધ કરવા જણાવતી નોટીસની નકલ, ૪/૩૬૦ સુરત મહાનગરપાલિકાની પરવાનગી બાબતે પૂર્તતા સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૫ તા.૯–૪–૦૯ ના પત્રની નકલ, આરોગ્ય અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં. પીએચડી/આઅ/૧૩૨ તા.૨૩–૪–૦૯ ની નકલ તથા ચીફ ફાયર ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં. એફ.બી/એસ.પી/૧૦૮ તા.૧૮–૪–૦૯ ની નકલ રજૂ કરેલ છે. જેમાં તેઓના વિભાગ ધ્વારા જરીના કારખાનાની પરવાનગી આપેલ નહીં હોવાનું જણાવેલ છે. આમ અરજદારે લેખિત સંદર્ભ પત્રોથી તેમને મળેલ માહિતી પારસ્પરિક સુસંગત અને યોગ્ય નહીં હોવાનો પક્ષ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી યુઝ ટેબલ ઝોન ૧–૨–૩ મુજબ સુરત મહાનગરપાલિકાના રહેઠાણવાળા વિસ્તારમાં કોઈ પણ નાગરિક અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીનો નાંખી કારખાના ચલાવી શકે નહીં બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતના માલિક અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીનો નાંખી પાછળના ભાગે કારખાના ચલાવે છે તે બંધ કરવાની જવાબદારી કોની તેની માહિતી માંગવામાં આવેલ. જેમાં પ્રતિભાવ નહીં મળવાના કારણે તા.૨–૭–૦૯ થી અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૮૭ તા.૩૦–૬–૦૯ ના પત્રથી માહિતી આપવામાં આવેલ. જયારે અરજદારે અગાઉના અત્રેથી આપેલ ઉપરોકત જણાવેલ મુજબ રજૂ કરેલ પત્રોનો હવાલો આપી ગૃહ ઉદ્યોગ હોય કે અન્ય ઉદ્યોગ હોય પણ કારખાના બંધ કરવાની જવાબદારી મહાનગરપાલિકાની આવે છે તેવું જણાવી રજૂઆત કરેલ છે. આમ અરજદારની રજૂઆત ગૃહ ઉદ્યોગ અને અન્ય ઉદ્યોગો માટે છે પરંતુ ૪/૩૬૦ વાળી મિલ્કતમાં જરી ઉદ્યોગા છે તેવી માહિતી અરજદારની ૪/૩૬૦ વાળી ચોકકસ મિલ્કત સબંધે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી " જરી ઉદ્યોગને ભારત સરકારે ગૃહ ઉદ્યોગ, હેન્ડીક્રાફટ તરીકે વગીકૃત કરેલ હોય તેને બંધ કરવાનો પ્રશ્ન રહેતો નથી તેમ છતાં સરકારશ્રી તરફથી આ બાબતે કોઈ નિતિ વિષયક નિર્ણય લેવામાં આવશે તો તે મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. " તથા તે અંગે આધાર તરીકે કેન્દ્ર સરકારનું તા.૪–૧૦–૮૫ નું પ્રમાણપત્ર રજૂ કરેલ છે.તથા નોંધ વિભાગમાં ૪/૩૬૦ વાળી મિલ્કત જરી ઉદ્યોગ ભારત સરકારે ગૃહ

ઉદ્યોગ હેન્ડીક્રાફટ તરીકે વર્ગીકૃત કરેલ છે. તે શરૂ કરવા માટે અત્રેથી કોઈ પરવાનગી આપવામાં આવતી નથી તેવી કાયદાકીય પ્રવર્તમાન જોગવાઈ જણાવવામાં આવેલ છે તેથી તે બંધ કરવાની જવાબદારી સુરત મહાગરપાલિકાની રહેતી નથી. તેવું જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં જણાવેલ છે.વધુમાં સરકારશ્રી તરફથી નિતિ વિષયક નિર્ણય લ ેવામાં આવે ત્યારે જવાબદારી નકકી થઈ શકે. તેવું પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવવામાં આવે છે.

સરખી બાબતે નામદાર માહિતી આયોગ ગુજરાત ધ્વારા અપીલ નં.૪૯૭/૦૭–૦૮ બાબતે તા.૧૬–૬–૦૯ ના રોજ નિર્ણય લઈ જરી ઈન્ડસ્ટ્રીઝના તીવ્ર વાસવાળા કેમીકલ્સની બેગમપુરા વિગેરે વિસ્તારમાં પ્રદુષણ થવા બાબતે જવાબદાર સત્તા મંડળ નકકી કરવા વન અને પર્યાવરણ વિભાગને સૂચન કરેલ. જેના અનુસંધાને વન અને પર્યારણ વિભાગ ગાંધીનગરના તા.૨૮–૭–૦૯ ના પત્રથી આ બાબતે સુરત મહાનગરપાલિકાની જવાબદારી નકકી કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગત નામદાર આયોગ અને વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના સંદર્ભ અને પૂર્વ નિર્ણય વાદના સિધ્ધાંતોને અનુલક્ષી પ્રશ્ન હેઠળની મિલ્કત અંગે કારખાના બંધ કરવાની જવાબદારી કોની તે અંગેની રેકર્ડ આધારિત માહિતી અરજદારને દિન–૭ માં વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન અને શહેર વિકાસ અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ